દાખલ તારીખ – ૩૧/૦૩/૨૦૧૮
રજીસ્ટર તારીખ – ૩૧/૦૩/૨૦૧૮
ફેસલ તારીખ – ૨૯/૦૯/૨૦૧૮
સમયગાળો – વર્ષ–માસ–દિવસ

. સત્યમેવ જયતે

રાજકોટ જિલ્લાના બીજા એડીશ્નલ સેશન્સ જજશ્રી સમક્ષ, મું.ધોરાજી

---

સેશન્સ કેસ નં.૫/૨૦૧૮
આંક– ૭૬

શ્રી સરકાર
(જામકંડોરણા પોલીસ સ્ટેશન
ફર્સ્ટ ગુ. ર. નં.૩૦/૨૦૧૭ ) .......... ફરીયાદી

**વિરૂધ્ધ**

(૧) પ્રતિપાલસિંહ શકિતસિંહ જાડેજા,ઉ.વ.૨૧,
રહે.જામકંડોરણા, ભાદરાનાકા, દરબાર શેરી
(૨) શકિતસિંહ દાદુભા ઝાલા,ઉ.વ.૨૪
રહે.સુભાષ સોસાયટી, સમૃધ્ધી એપાર્ટમેન્ટ,
બ્લોક નં.૨૦૧, સુરેન્દ્રનગર.
મુળ રહે.ગેડી.તા.લીંબડી, જી.સુરેન્દ્રનગર.
(૩) મહેશભાઈ કનુભા ચૌહાણ, ઉ.વ.૨૨
રહે.બારેજાલાલી, તા.જી.ખેડા.
(૪) હીરલબા વા/ઓ જયેન્દ્રસિંહ જાડેજા, ઉ.વ.૩૫
રહે.જામકંડોરણા, ભાદરા નાકા, દરબાર શેરી
(૫) કાન્તાબેન વા/ઓ કનુભા ચૌહાણ, ઉ.વ.૪૫
રહે.બારેજાલાલી, તા.જી.ખેડા. ..........આરોપીઓ

ગુન્હોઃ– ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૧૧૪ મુજબ.

---

સરકારશ્રી તરફે વિ.એ.પીપી. શ્રી કે. એમ. પારેખ.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી એસ.વી.ગણાત્રા.

## ચૂ કા દો

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના ફરીયાદીનો લીનોવા કંપનીનો ડબલ સીમકાર્ડવાળો એન્ડ્રોઈડ મોબાઈલ નંગ–૧ કીમત રૂા.૨૦૦૦/– જેમાં એક સીમ બી.એસ.એન.એલ. કંપનીનું તથા બીજુ સીમ જીયો કંપનીનું તથા ફરીયાદીના ઘરમાં ડીશ કનેકશનના ઉઘરાવેલ રૂા.૫૮,૦૦૦/–રોકડ રકમ સાથે ફરીયાદીની દીકરી/ ભોગ બનનાર સાડા સતરેક વર્ષનીને આ કામના આરોપી પ્રતિપાલસિંહ તેણીને લલચાવી, ફોસલાવી લગ્ન કરવા તેમજ બદકામ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી, તા.૨૪–૭–૨૦૧૭ના કલાક ૩.૦૦ થી ૫.૦૦ વાગ્યાના સુમારેઅપહરણ કરી લઈ ગયેલ. તે અંગેની ફરીયાદ ફરીયાદી રામદેવસિંહ કિરીટસિંહ જાડેજા,રહે.જામકંડોરણા વાળાએ તા.૨૪/૦૭/૨૦૧૭ ના રોજ જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

(૨) ઉપરોક્ત બનાવની ફરીયાદ તા. ૨૪/૦૭/૨૦૧૭ ના રોજ જામકંડોરણા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૩૦/૨૦૧૭ થી દાખલ કરવામાં આવેલ. જે પરત્વે તપાસના અંતે પોલીસ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬,૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓનુ ચાર્જશીટ જામકંડોરણા જયુડી. મેજિસ્ટ્રેટ (ફ.ક.)શ્રીની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ. જે કેસ ફો.કે.નં.૧૦૯/૨૦૧૮ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત સેશન્સ કોર્ટને હોય, વિદ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ

ફો.કે.નં.૧૦૯/૨૦૧૮ નું સમગ્ર રેકર્ડ અને પ્રોસેડીંગ્સ અત્રેની અદાલત તરફ મોકલી આપેલ. જે કેસ કમીટ થઈને અત્રેની કોર્ટમાં આવતા સેશન્સ કેસ નં.૫/૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૮ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે અને કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે આંક–૮થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓનું તહોમતનામુ ઘડેલ છે જે પરત્વે આરોપીઓનું ગુના પરત્વેનું નિવેદન નોંધેલ છે જેમાં આરોપીઓને ગુનો કબૂલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે તેમજ આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

(૪) ફરીયાદ પક્ષે કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં નીચે પ્રમાણેના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

<u>મૌખિક પુરાવાઃ</u>–

| **અ.નં.** | **આંક** | **સોગંદ ઉપર જુબાની આપનાર સાહેદનું નામ અને વિગત** |
|---|---|---|
| ૧. | ૧૪ | રામદેવસિંહ કિરિટસિંહ જાડેજા– ફરીયાદી |
| ૨. | ૧૭ | હસુમતીબા રામદેવસિંહ જાડેજા–સાહેદ |
| ૩. | ૩૫ | ભોગ બનનાર |
| ૪. | ૪૮ | કિરણસિંહ રામસિંહ રાવત– તપાસ કરનાર અમલદાર |
| ૫. | ૫૦ | સોમા વેજાણંદભાઈ ગોજીયા– તપાસ કરનાર અમલદાર |
| ૬. | ૫૧ | નિતીનકુમાર કાંતીલાલ વ્યાસ–તપાસ કરનાર અમલદાર |
| ૭. | ૭૩ | વિરેન્દ્ર રણછોડભાઈ ખેર– તપાસ કરનાર અમલદાર |

**<u>દસ્તાવેજી પુરાવાઃ</u>–**

આંક–૧૫ થી ભોગ બનનારની જન્મ તારીખનો દાખલો

આંક–૧૬ થી ફરીયાદ

આંક–૧૮ થી આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ

આંક–૧૯ થી અટક પંચનામુ

આંક–૨૦ થી સ્થાનિક જગ્યાનુ પંચનામુ

આંક–૨૧ થી ભોગ બનનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ

આંક–૨૨ થી તપાસ કરવાની પોલીસ યાદી

આંક–૨૩ થી જન્મ મરણ રજીસ્ટરનો ઉતારો

આંક–૨૪ થી આરોપી પ્રતિપાલસિંહની જન્મ તારીખનો દાખલો

આંક–૨૫ થી જન્મ મરણ રજીસ્ટરનો ઉતારો

આંક–૨૬ થી આરોપી પ્રતિપાલસિંહના શાળા છોડયાનુ પ્રમાણપત્ર

આંક–૨૭ થી ભોગ બનનારનુ બોનાફાઈડ સર્ટીફીકેટ

આંક–૨૮ થી વય પત્રક રજીસ્ટરનો ઉતારો

આંક–૩૭ થી ભોગ બનનારનું સી આર પી સી કલમ ૧૬૪ હેઠળનું નિવેદન

આંક–૩૮,૩૯,૪૦ થી ભોગ બનનારની શારિરીક તપાસણી પ્રમાણપત્ર

આંક–૪૧ થી મુદામાલ એફ એસ એલ ને મોકલ્યાની રવાનગી

આંક–૪૧ થી આરોપીની શારિરીક તપાસણી પ્રમાણપત્ર

આંક–૪૨,૪૩ થી ભોગ બનનારના સેમ્પલની યાદી

આંક–૪૪ થી ભોગ બનનારનું સી આર પી સી કલમ ૧૬૪ હેઠળનું નિવેદન બંધ કવરમાં સંભાળી લેવાનો પત્ર

આંક–૪૫ થી એફ એસ એલ નો મુદામાલ પૃથ્થરકણ અહેવાલ

(૫) સદર કામે આરોપીઓનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને કોઈ ગુનો આચરેલ નથી તેમછતા ખોટી રીતે સંડાવી દીધેલ છે જેથી નિર્દોષ ઠરાવવા દયાભરી અરજ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એડી.પીપી.શ્રી કે.એમ.પારેખ તથા આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી ગણાત્રાની રજૂઆતો સાંભળી.

(૭) આ કામે બંને પક્ષોની રજૂઆતો તેમજ રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને લક્ષમાં લેતા સદરંહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ પ્રતિપાલસિંહે ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં, તેણીને લગ્ન કરવાની લાલચ આપી, અપકૃત્ય કરવાના ઈરાદે તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી, તેણીના વાલીની મંજુરી વગર તેણીનું અપહરણ/ અપનયન કરી લઈ જઈ તેમજ આરોપી નં.૨ થી ૪ નાઓએ સદરહું કૃત્યમાં મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩,૩૬૬,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧– નકારમાં.

મુદ્દા નં.૨– આખરી હુકમ મુજબ.

## <u>કા ર ણો</u>

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) વિદ્વાન સરકારી વકીલશ્રીએ રજૂઆત કરતા જણાવેલ છે કે, આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદી તથા તેમના પત્નીને તપાસેલ છે જે ભોગ બનનારના પિતા અને માતા છે તેમણે ફરીયાદ પક્ષને સમર્થન આપેલ નથી. પરંતુ ભોગ બનનારને જે આંક ૩૫ થી તપાસેલ છે તેની જુબાનીમાં આરોપી પ્રતિપાલસિંહ ભોગ બનનારને લઈ ગયેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આ ઉપરાંત ભોગ બનનારે વિદ્વાન જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ પણ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૬૪ અન્વયે નિવેદન આપેલ છે તેમાં પણ આરોપી ભોગ બનનારને લઈ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આ તમામ હકીકતો જોતા ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોય અને આવા કિસ્સાઓમાં ખુબજ વધારો થયેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી કડક સજા કરવા અરજ ગુજારેલ છે.

(૧૦) જ્યારે આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષના તમામ સાહેદોએ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. આ ઉપરાંત ભોગ બનનારે પોલીસ રૂબરૂ કે વિદ્વાન જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સમક્ષ પણ આરોપીએ તેની સાથે કોઈ શારીરીક સંબંધ બાંધેલ ન હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. ભોગ બનનારની જુબાની જોતા ભોગ બનનારે આરોપી પ્રતિપાલસિંહ સાથે લગ્ન કરવા હોવાથી તેની સાથે ગયેલ હોવાનું જણાવેલ છે અને ઊલટ તપાસ જોતાં પણ તેણીએ સ્વેચ્છાએ તેના માતાપિતાનું ઘર છોડેલ હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદ પક્ષ

આરોપીઓ વિરુદ્ધનો ગુનો નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ક. ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ દ્વારા આ હકીકત સાબિત કરવા માટે સૌપ્રથમ ભોગ બનનારના પિતા રામદેવસિંહ કિરિટસિંહ જાડેજાને આંક ૧૪ થી તપાસેલ છે. તેમણે તેમની જુબાનીમાં સરતપાસમાં એવું જણાવેલ છે કે, અમારી દીકરી રાત્રે ઘરેથી નીકળી ગયેલી તે બાબતે અમો અજાણ હતા, અમને કશી ખબર નહોતી અને આજુબાજુમાં તપાસ કરીને સાંજના પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવેલી. હાલ ભોગ બનનાર મારી દીકરી ક્યાં છે તેની મને ખબર નથી અને મારે તેની સાથે કોઈપણ જાતનો સંપર્ક નથી. તેજ રીતે ભોગ બનનારના માતા હસુમતિબા રામદેવસિંહ જાડેજાને આંક ૧૭ થી તપાસેલ છે. તેણે પણ તેની જુબાનીમાં એવું જણાવેલ છે કે, અમારી દીકરી રાત્રે ઘરેથી નીકળી ગયેલી તે બાબતે અમો અજાણ હતા, અમને કશી ખબર નહોતી અને આજુબાજુમાં તપાસ કરીને મારી દીકરી મળી નહી આવતા સાંજના મારા પતિએ પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવેલી. આમ, ભોગ બનનારના માતા તથા પિતાએ જે જુબાની આપેલ છે તેના ઉપરથી આરોપીઓ વિરૂધ્ધ સહેજ પણ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૧૨) આ ઉપરાંત ફરીયાદ પક્ષ દ્વારા ભોગ બનનારને આંક ૩૫ થી તપાસેલ છે અને તેણે પણ એવું જણાવેલ છે કે, મારા સગપણની વાત પ્રતિપાલની સાથે કરેલી અને મારા માવતરે તેની ઉમર મોટી હોવાનું કહેલ આવા સમયે મેં પ્રતિપાલને બે માસ લગ્ન માટે ઘટતી હોવાનું જણાવેલ અને હું મારી

મરજીથી તા.૨૪/૦૭/૨૦૧૭ ના રોજ રાત્રિના ૩–૦૦ વાગ્યે અગાસીમાંથી ઉતરીને જતી રહેલ ત્યાંથી પ્રતિપાલ સાથે ટ્રકમાં બેસીને રાજકોટ ગયેલ. ત્યાંથી સુરેન્દ્રનગર, બારેજલાલી, મુંબઇ ગયેલા, વચ્ચે થોડો સમય અંબાજી પણ ગયેલા અને ત્યાંથી મુંબઇમાં ઘાટકોપરમાં પારસીવાડીમાં એક મકાન ભાડે રાખેલ. ત્યાં મને હોમ ક્રેડીટ ફાયનાન્સમાં નોકરી મળી ગયેલી. ત્યાં મારે સુરેશ યાદવ સાથે ઓળખાણ થયેલી અને બાદમાં મને નોકરી મળી ગયેલ અને પ્રતિપાલને નોકરી ન મળતા તે જતો રહેલો. તેણીએ આરોપીના વિ.વ.શ્રીની ઉલટ તપાસમાં એવું કબુલ રાખેલ છે કે, હું મારા ઘરની રાત્રે સાત આઠ ફુટની દિવાલ કુદીને ગયેલી. ત્યારે ત્યાં મારા સિવાય કોઇ હાજર નહતુ. આમ, ભોગ બનનારની જુબાનીમાં પણ આરોપી તેણીને તેની મરજી વિરૂધ્ધ તેણીના કાયદેસરના વાલીપણામાંથી લઈ ગયેલ હોય કે તેણીને ધમકી આપીને અને બદકામ કરવાના ઈરાદે લઈ ગયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતુ નથી. ભોગ બનનારની વિદ્વાન સરકારી વકીલશ્રીએ લીધેલ જુબાનીમાં પણ આરોપીએ ભોગ બનનાર સાથે કોઈ શારિરીક સંભોગ કરેલ હોય તેવું જણાવેલ નથી. જો કે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. ક. ૩૭૬ મુજબના ગુનાનો આક્ષેપ પણ કરવામાં આવેલ નથી.

(૧૩) આ કામમાં ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ક.૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે. ગુનો કરવામાં આવે ત્યારે મદદગારની હાજરીની જોગવાઈ સંબંધેની છે અને આ જોગવાઈને વંચાણે લેતાં તેને નિઃશંકપણે સાબિત કરવા ફરીયાદ પક્ષનો નીચે મુજબના તત્વો આરોપી વિરૂધ્ધ સાબિત કરવા જરૂરી છેઃ– ૧. મુખ્ય ગુનો બન્યો હોવો

જોઈએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ. ૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ. ૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ, અથવા ૪. આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા ૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ. પરંતુ સમગ્ર ચર્ચા કર્યા મુજબ આ કામે આરોપીઓએ કહેવાતા ગુનામાં એકબીજાની મદદગારી કરેલ હોય તેવો પણ લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) આ સિવાય ફરીયાદ પક્ષ દ્વારા ફરીયાદીની ફરીયાદ લેનાર તથા તપાસ કરનાર અમલદાર વિગેરેને તપાસેલ છે. પરંતુ જયારે ફરીયાદી તથા ખુદ ભોગ બનનારે આરોપીઓને આ ગુના સાથે સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આપેલ ન હોય, તેથી આ પોલીસ કર્મચારીઓની જુબાની પણ મહત્વની નથી. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

૧. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે, આ કામના તમામ આરોપીઓને, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ કલમ–૪૩૭(૧) અન્વયે, જો આ કામે અપીલ દાખલ થાય તો આરોપીઓએ અપીલમાં હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીએ રૂા.૫,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બિનકિંમતી હોય અપીલ સમય બાદ નિયમ મુજબ તેનો નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૪. હુકમ, આજ તા.૨૯ મી, માંહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

ધોરાજી.
તા.૨૯/૦૯/૨૦૧૮.

( હેમંતકુમાર અરવિંદરાય દવે)
બીજા એડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ એટ ધોરાજી.
કોડ નં.જી.જે.૦૦૩૮૫